# કેનેડાના માલ્ટનમાં નગર કીર્તન પરેડમાં પ્રદર્શિત ચોપાનિયા/બેનર અંગે મીડિયાના પ્રશ્નોના સત્તાવાર પ્રવક્તાનો જવાબ

07 મે, 2024

**કેનેડાના માલ્ટનમાં નગર કીર્તન પરેડમાં છપ્પનિયા/બેનર અંગેના મીડિયાના પ્રશ્નોના જવાબમાં, સત્તાવાર પ્રવક્તા, શ્રી રણધીર જયસ્વાલે કહ્યું:**

"આપ સૌ જાણો છો કે કેનેડામાં ઉગ્રવાદી તત્ત્વો દ્વારા અમારા રાજકીય નેતૃત્વની વિરુદ્ધમાં આચરવામાં આવતી હિંસક પ્રવૃત્તિઓને કારણે અમે વારંવાર અમારી ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી છે. ગયા વર્ષે, એક સરઘસમાં અમારા ભૂતપૂર્વ વડા પ્રધાનની હત્યા દર્શાવતા બેનરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય રાજદ્વારીઓના પોસ્ટર પણ સમગ્ર કેનેડામાં લગાવવામાં આવ્યા છે જેમાં તેમની વિરુદ્ધ હિંસા કરવાની ધમકી આપવામાં આવી છે.

કોઈ પણ સંસ્કારી સમાજમાં હિંસાનું આચરણ અને મહિમામંડન ન થવું જોઈએ. કાયદાના શાસનનો આદર કરતા લોકશાહી દેશોએ અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે કટ્ટરપંથી તત્વો દ્વારા ડર ફેલાવવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું જોઈએ નહીં.

અમે કેનેડામાં અમારા રાજદ્વારી પ્રતિનિધિઓની સુરક્ષા અંગે સતત ચિંતિત છીએ અને કેનેડાની સરકાર પાસેથી એવી અપેક્ષા રાખીએ છીએ કે તેઓ ભય વિના તેમની જવાબદારીઓ નિભાવી શકે તેવી સ્થિતિનું નિર્માણ કરવામાં આવે.

અમે ફરીથી કેનેડા સરકારને ગુનાહિત અને અલગતાવાદી તત્વોને કેનેડામાં સુરક્ષિત આશ્રયસ્થાન અને રાજકીય જગ્યા આપવાનું બંધ કરવા માટે હાકલ કરીએ છીએ.

નવી દિલ્હી
**07 મે, 2024**